પોલીસ નશાખોરોને શોધવામાં વ્યસ્ત, ગુનેગારો બે હત્યા કરી ફરાર

# નવા વર્ષની રાત્રે સુરતમાં ખૂની ખેલ


સૂરજ સુરવાડે


જયેશ પટેલ

**સચિનમાં** નજીવી બાબતે હત્યા તો, લિંબાયતમાં ગેંગવોરની શક્યતા

સુરતઃ નવા વર્ષની ઉજવણીમાં મગ્ન સુરત શહેરમાં થર્ટી ફર્સ્ટની રાત્રે અસામાજિક તત્વોએ લોહિયાળ ખેલ ખેલ્યો. એક તરફ પોલીસ દારૂ પીધેલા નશાખોરો, ટ્રાફિક ચેકિંગ અને નાકાબંધીમાં વ્યસ્ત રહી, ત્યારે બીજી તરફ લિંબાયત અને સચીન વિસ્તારમાં ચપ્પુના ઘા ઝીંકી બે યુવકોની હત્યા કરવામાં આવી હતી. એક જ રાતમાં બે ખૂની ઘટનાએ શહેરની કાયદો-વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉભા કરી દીધા છે. બીજી તરફ લિંબાયત પોલીસે કિશોર સહિત છ જ્યારે સચિન પોલીસે કિશોર સહિત બે આરોપીઓને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

ડિંડોલી રોયલ સ્ટાર એપાર્ટમેન્ટ નજીક આવેલી દ્વારકેશ નગરી સોસાયટીમાં રહેતો 24 વર્ષીય જયેશ રમેશ પટેલ તેના મિત્ર નિલેશ સુરેશ ચૌધરી સાથે રાત્રે લગભગ 11.30 વાગ્યાના અરસામાં લિંબાયતની આશાપુરી સોસાયટી પાસે હાજર હતો. એ સમયે છ જેટલા માથાભારે અને અસામાજિક તત્વો ત્યાં ધસી આવ્યા હતા અને તેમની સાથે ઝગડો કર્યો હતો. બાદમાં આરોપીઓ પૈકી ઓમ ગીરાસેએ જયેશની છાતીના જમણા ભાગે ચપ્પુનો ઊંડો ઘા ઝીંક્યો હતો. હુમલા બાદ તમામ આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત જયેશને લોહીલુહાણ હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં મોડી રાત્રે સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે પોલીસે આરોપીઓ વિશાલ ઉર્ફે ક્રિષ્ણા ગોરખ વાઘ (ઉ.વ. ૩ર રહે, આસપાસનગર-ર સંજયનગરની બાજુમાં લિંબાયત),ઓમ ભાઉસાહેબ ગીરાસે (ઉ.વ. ૧૯ રહે,ગલી નં-૦૩ સુભાષનગર કોમ્યુનિટી હોલ પાસે સુભાષનગર લિંબાયત), યશ ઉર્ફે ઈશુ આશીષભાઇ વ્યાસ (ઉ.વ. ૧૯ રહે, આસપાસનગર -૦ર સંજયનગરની બાજુમાં લિંબાયત),વેંદાત અનીલ નિકમ (ઉ.વ. ર૦ રહે,ગલી નં-૦૩ સુભાષનગર કોમ્યુનિટી હોલ પાસે સુભાષનગર લિંબાયત),ભગવાન ઉર્ફે રાહુલ ઉર્ફે ગોલીયા ચંદ્રકાંત સુથાર (ઉ.વ. ૧૯ રહે,સંજયનગર લિંબાયત) તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે. બીજી ઘટનાની વાત કરીએ તો ગોડાદરા સ્થિત સ્વામિનારાયણ સોસાયટીમાં રહેતો 24 વર્ષીય સૂરજ મુકેશ સુરવાડે ગત રાત્રે અંદાજે 11:30 વાગ્યે સચિન સ્લમ બોર્ડ વિસ્તારમાં આવેલા હનુમાન મંદિર પાસે હાજર હતો. તે સમયે તેની સિગરેટ-ગુટખાના પૈસા બાબતે થયેલી બોલાચાલીથી ઉશ્કેરાઈને કમલેશ ઉર્ફે રાજ દિલીપ રણદેવે (રહે. સ્લમબોર્ડ સચીન) અને કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકે તેની ઉપરાછાપરી ચપ્પુ મારી હત્યા કરી નાંખી હતી. પોલીસે બંને આરોપીને ઝડપી પાડ્યા છે.

### માન્યા ડુક્કર સાથે ગેંગવોરમાં હત્યાની શંકા

જયેશ પટેલ સામે વર્ષ 2020માં હત્યાનો ગંભીર ગુનો નોંધાયો હતો, જેમાં તે અઢી વર્ષ સુધી જેલવાસ ભોગવી જામીન પર બહાર આવ્યો હતો. આ સિવાય એવી પણ ચર્ચા છે કે જયેશના મન્યા ડુક્કર ગેંગ સાથે નજીકના સંબંધો હતા.

### અડધો કિમી નહીં દોડ્યો હોત તો ડબલ મર્ડર થતે

લિંબાયતની ખૂની ઘટનામાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. સમગ્ર ઘટનાનો જીવતો સાક્ષી નિલેશ ચૌધરીએ જણાવ્યું કે, તે જયેશ સાથે ઊભો હતો ત્યારે દરમિયાન વિશાલ વાઘ, વેદાંત, ઓમ સહિત છ શખ્સો તેમની સાથે ઝગડો કર્યો હતો.જેથી બંને ભાગ્યા હતા. જયેશ તેમના હાથમાં આવી ગયો હતો પરંતુ તે અડધો કિમી સુધી ભાગ્યો હોવાથી તેનો જીવ બચી ગયો હતો.

### લિંબાયત પોલીસ “હાય હાય”ના નારા લાગ્યા

લિંબાયત વિસ્તારમાં 24 વર્ષીય યુવક જયેશ પટેલની થયેલી હત્યાને લઈ સમાજ અને પરિવારજનોએ ભારે રોષ વ્યક્ત કર્યો છે. પરિવારજનોનો આક્ષેપ છે કે હત્યારા વિશાલ સહિતની ટોળકી લિંબાયત વિસ્તારમાં માથાભારે તરીકે ઓળખાય છે સ્મીમેર હોસ્પિટલના પીએમ રૂમ બહાર પરિવાર અને સમાજના લોકોએ એકત્રિત થઈ લિંબાયત પોલીસ સામે “હાય હાય”ના સૂત્રોચ્ચાર અને નારેબાજી કરી હતી.

# નાનપુરામાંથી ત્રણ એમડી. ડ્રગ પેડલર ઝડપાયા

**અઠવા** પોલીસે 3.70 લાખના 39.09 ગ્રામ ડ્રગ્સ સાથે ત્રણ પેડલરને ઝડપી પાડ્યા હતા

સુરત : અઠવાલાઇન્સ પોલીસે નાનપુરામાંથી એક સગીર સહિત એમડી ડ્રગના ત્રણ પેડલરને ઝડપી લીધા છે. અઠવા પોલીસના સર્વેલન્સ સ્ટાફને બાતમી મળી હતી કે નાનપુરા વિસ્તારના ખાટકીવાડમાં MD ડ્રગ્સની હેરાફેરી થવાની છે. આ આધારે પોલીસે ગઈકાલે બપોરે જૂની સિવિલ હોસ્પિટલની પાછળ, મસ્જિદ જામ્હિ કુરેશીની સામે વોચ ગોઠવી હતી. બપોરે સવા ત્રણ વાગ્યાના અરસામાં સુઝુકી કંપનીની ‘એક્સેસ’ મોપેડ પર સવાર ત્રણ શખ્સો શંકાસ્પદ હાલતમાં આવતા દેખાયા હતા. પોલીસે તાત્કાલિક તેમને અટકાવી તપાસ કરતા શહેબાજખાન રજાકખાન પઠાણ (ઉ.વ. 24, રહે. હુસેની પેલેસ, ખલીફા મહોલ્લો, નાનપુરા), અસીફ અયુબ શેખ (ઉ.વ. 31, રહે. ચાંદ સુબેદાર સ્ટ્રીટ, કાદરશાની નાળ, નાનપુરા) તેમજ એક સગીર હોવાનું બહાર આવ્યું હતું. તેમની તપાસ દરમિયાન પોલીસને 39.09 ગ્રામ MD ડ્રગ્સ મળી આવ્યું, જેની બજાર કિંમત અંદાજે રૂપિયા 3.70 લાખ આંકવામાં આવી છે.પોલીસે ડ્રગ્સ સાથે આરોપીઓ પાસેથી મોબાઈલ ફોન, રૂપિયા 9,500 રોકડા અને ઉપયોગમાં લેવાયેલી મોપેડ કબજે કરી હતી. કુલ મળીને અંદાજે રૂપિયા 4,20,400નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ડ્રગ્સનો જથ્થો પેડલિંગ માટે લઈ જવાઈ રહ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.આરોપીઓની પૂછપરછ દરમિયાન મહત્વની કડી સામે આવી છે. પોલીસે જણાવ્યું કે ડ્રગ્સ આપનાર કમા (રહે. પટનીહોલ પાસે, શાહપોર) અને ડ્રગ્સ મંગાવનાર અન્ય શખ્સ અંગે આરોપીઓએ કબુલાત આપી છે. હાલ આ બંને મુખ્ય શખ્સોને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

### ભાઠેનામાંથી એમડી સાથે એક ઝડપાયો

સુરત : પોલીસે ભાઠેના રઝાનગર ઝુપડપટ્ટીમાંથી 15.95 ગ્રામ પ્રતિબંધિત મેફેડ્રોન, મોબાઈલ અને રોકડ મળી કુલ રૂ.2.04 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો સલાબતપુરા પોલીસ સ્ટેશનની હદમાં આવતા ભાઠેના વિસ્તારની રઝાનગર ઝુપડપટ્ટીમાં આવેલા ઘર નં.116 પર સલાબતપુરા પોલીસે રેડ કરી હતી. અહીંથી પોલીસે રૂપિયા 2,04,300ની કિંમતના 15.95 ગ્રામ એમડી સાથે આમીર ઉર્ફે અમુ ગયાજ શેખ (ઉંમર 32, રહે. 116, રઝાનગર ઝુપડપટ્ટી, ભાઠેના, સલાબતપુરા)ની ધરપકડ કરી હતી.

### 8 વર્ષથી ફરાર બે ઠગ યુપીથી ઝડપાયા

સુરતઃ પાર્ટ ટાઇમ જોબ અપાવવાની લાલચ આપી વિશ્વાસઘાતી છેતરપિંડી કરનાર અને છેલ્લા આઠ વર્ષથી ફરાર બે આરોપીઓને ચોકબજાર પોલીસે ઉત્તરપ્રદેશ ખાતેથી ઝડપી લીધા છે. વર્ષ 2016માં થયેલા આ કેસમાં ફરીયાદીએ ન્યુઝપેપરમાં છપાયેલી પાર્ટ ટાઇમ જોબની જાહેરાત જોઈને લોકોએ ઠગોનો સંપર્ક સંપર્ક કર્યો હતો. જો કે જોબના નામે કુલ રૂપિયા 1.97 લાખ લઇને આરોપી ફરાર થઇ ગયા હતા. તે સમયે ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ધરમપાલ, સંદીપ, રાહુલ, અમિત અને રોહિત સહિતના આરોપીઓ સામે ફરિયાદ નોંધાઇ હતી. તપાસ દરમ્યાન ધરમપાલ મવાશી નિશાદ અને રામવીર ઉર્ફે રામબીર મતાદિન નિશાદની સંડોવણી બહાર આવી હતી. બંને આરોપીઓ આગ્રા જિલ્લાના ચંદીપુરા ગામના રહેવાસી હોવાનું ખુલ્યું હતું. જેથી પોલીસે ધરમપાલ મવાશી નિશાદ (ઉ.વ.34, ધંધો-લુહારી કામ) અને રામવીર ઉર્ફે રામબીર મતાદિન નિશાદ (ઉ.વ.37, ધંધો- ઈંટના ભઠ્ઠામાં મજૂરી)નો સમાવેશ થાય છે. બંનેને સુરત લાવી આગળની કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ડિંડોલીમાં ઓફિસમાં ઘૂસી બિલ્ડર પર ભરવાડ બંધુનો હુમલો

**દલાલીના** રૂપિયા અને સોનાના દાગીના બાબતે વિવાદ થતાં હુમલો કરી મારી નાંખવાની ધમકી આપનાર બેની ધરપકડ

સુરતઃ ડિંડોલીમાં દલાલીના રૂપિયાની બાબત બિલ્ડરની ઓફિસમાં ઘૂસી તેમને માર મારનાર ભરવાડ બંધુઓને પોલીસે ઝડપી લીધા છે. કરાડવા રોડ ઉપર આવેલી ઉમા રેસિડેન્સીમાં રહેતા અને બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલા અશોકભાઈ માધવભાઈ પુરોહિત મૂળ બનાસકાંઠા જિલ્લાના વતની છે. તેમની કન્સ્ટ્રક્શનની ઓફિસ ડિંડોલીના નવાગામ વિસ્તારમાં આવેલા નીલકંઠ હોમ્સમાં આવેલી છે. ગત તા. 30/12/2025ના રોજ સવારે અંદાજે 11:30 વાગ્યાના અરસામાં તેઓ તેમની ઓફિસમાં બેઠા હતા. તે સમયે ડિંડોલીના ભરવાડ નગરમાં રહેતો શૈલેષ ભરવાડ નામનો યુવક તેમની ઓફિસમાં ઘૂસી આવ્યો હતો. ફરિયાદ મુજબ શૈલેષે અશોકભાઈ પાસે ખોટી રીતે દલાલીના પૈસાની માંગણી કરી હતી. અશોકભાઈએ પૈસા આપવા સ્પષ્ટ ઈનકાર કરતા જ શૈલેષ ઉશ્કેરાઈ ગયો હતો અને એલફેલ ગાળો આપવાનું શરૂ કર્યું હતું. આટલું જ નહીં, પરંતુ શૈલેષે અગાઉ અશોકભાઈના ભાઈને વેચેલા સોનાના દાગીના પણ પરત માંગ્યા હતાં. જે બાબતે અશોકભાઈએ તેમના ભાઈને વાત કરવાનું કહ્યું હતું. આ દરમિયાન શૈલેષ ભરવાડે તેના ભાઇ ભુવનને પણ બોલાવી લીધો હતો. ત્યારબાદ બંને બિલ્ડર અશોક પુરોહિત પર તૂટી પડ્યાં હતાં. આ દરમિયાન તેમની છાતીમાં અસહ્ય દુખાવો થતાં તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. તો બીજી તરફ તેમની ફરિયાદના આધારે પોલીસે ભરવાડ બંધુઓની ધરપકડ કરી છે.

### નવા વર્ષમાં ખાટુશ્યામ મંદિરે શ્રદ્ધાનું ઘોડાપૂર



2026ના પહેલા દિવસને આવકારવા ભક્તો એટલા આતુર હતાં કે ખાટુ શ્યામ મંદિર ખાતે જાણે ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું હતું. **(તસવીર : સતીષ જાદવ)**

## થર્ટી ફર્સ્ટ બાદ લિંબાયત અને સચિનમાં બે યુવકનાં અચાનક મોત

**બેભાન** થવું, શ્વાસમાં તકલીફ અને છાતીમાં દુ:ખાવા બાદ મોતનું રહસ્ય યથાવત

સુરતઃ સુરત શહેરમાં છેલ્લા લાંબા સમયથી યુવાન વયે અચાનક બેભાન થવા, છાતીમાં દુઃખાવો કે શ્વાસ લેવામાં તકલીફ બાદ મોત થવાના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. લિંબાયતના સંતોષનગર વિસ્તારમાં રહેતા ૩૫ વર્ષીય ધમેન્દ્ર રામજનમ સિંગ બુધવારે રાત્રે ઘર નજીક મિત્ર સાથે થર્ટીફર્સ્ટની પાર્ટી કર્યા બાદ ઘરે આવી સૂઈ ગયો હતો. જોકે ગુરુવારે સવારે અચાનક તેની તબિયત બગડી હતી અને તે ઢળી પડી બેભાન થઈ ગયો હતો. પરિવારજનો દ્વારા તાત્કાલિક તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. ધમેન્દ્ર મૂળ બિહારના ભોજપુર જિલ્લાનો વતની હતો અને મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તેના પરિવારમાં બે પુત્ર અને એક પુત્રી છે. બીજા બનાવમાં સચિનના પાલીગામમાં રહેતા ૩૫ વર્ષીય વિનોદ દિનાનાથ કુમારને બુધવારે રાત્રે ઘરમાં અચાનક શ્વાસ લેવામાં તકલીફ શરૂ થઈ હતી. બાદમાં તેની તબિયત વધુ બગડતા તે બેભાન થઈ ગયો હતો. વિનોદને નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જતાં ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. વિનોદ મૂળ ઉત્તરપ્રદેશના મિર્ઝાપુર જિલ્લાનો વતની હતો અને માત્ર એક અઠવાડિયા પહેલા જ રોજગાર માટે સુરત આવ્યો હતો.

### ચેક રિટર્નના કેસમાં આરોપીને એક વર્ષની સજા

સુરતઃ ચેક રિટર્નના કેસમાં આરોપી મનોજકુમાર શ્યામસુંદર તલવાનીને કોર્ટે એક વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. ફરિયાદની હકીકત મુજબ કશ્યપ ઈન્ફ્રાપ્રોજેક્ટસ પ્રા.લિ.ના ડિરેક્ટર હીરેનકુમાર દિલીપકુમાર ભાવસાર પાસેથી ક્રિએટીવ ઈલેક્ટ્રોટેકના ઓથોરાઈઝડ મનોજકુમાર શ્યામસુંદર તલવાનીએ રૂ.૬,૪૦,૧૪૩નો સોલાર પાવર ઈનવર્ટરનો માલ ઉધારમાં ખરીધો હતો. જે પેમેન્ટ પેટે મનોજકુમારે રૂ.૫,૩૯,૮૯૬નો ચેક આપ્યો હતો. ચેક રિટર્નથતાં ફરીયાદી હિરેનકુમાર ભાવસારએ આરોપી વિરુદ્ધ વકીલ મુકેશ એન.મુથા મારફતે ચેક રિર્ટન થવા બાબતની ફરીયાદ કોર્ટમાં કરી હતી. બન્ને પક્ષની દલીલો બાદ કોર્ટે આરોપીને એક વર્ષની સજા ફટકારી હતી.

## સુરતમાં બે મહિલાઓનાં રહસ્યમય મોતથી ચકચાર

**અલથાણમાં** નર્સિંગ સ્ટાફ મહિલાનું ઘરમાં જ મોત

**ગોડાદરામાં** 8 માસની ગર્ભવતી યુવતીના ગળા પર નિશાન મળ્યા

સુરતઃ સુરત શહેરમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન બે મહિલાઓના અલગ-અલગ વિસ્તારોમાં થયેલા રહસ્યમય મોતે શહેરમાં ચકચાર મચાવી છે. ગોડાદરામાં આઠ માસની ગર્ભવતી યુવતી અને અલથાણમાં નર્સિંગ સ્ટાફ તરીકે ફરજ બજાવતી મહિલાનું મોત થતાં, બંને ઘટનામાં શંકા-કુશંકાઓએ જગ્યા લીધી છે. પોલીસ દ્વારા તપાસ હાથ ધરાઈ છે અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ મોતનું સાચું કારણ સ્પષ્ટ થશે.

ગોડાદરા વિસ્તારના મહારાણા પ્રતાપ ચોક નજીક પ્રિયંકા મેગા સિટી પાસે કિષ્ણાનગરમાં રહેતી ૨૯ વર્ષીય ચંદ્રાબેન રમેશકુમાર ધાંચી બુધવારે સાંજે અચાનક બેભાન હાલતમાં મળી આવી હતી. તેમને હોસ્પિટલમાં ખસેડાતાં મૃત જાહેર કરાયાં હતા. પ્રાથમિક રીતે અચાનક તબિયત લથડવાથી મોત થયાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ સ્મીમેર હોસ્પિટલ ખાતે ફોરેન્સિક પેનલ દ્વારા કરાયેલા પોસ્ટમોર્ટમ દરમિયાન ગળાના ઉપરના ભાગે ફાંસો ખાવાના નિશાન મળતા સમગ્ર ઘટના શંકાસ્પદ બની ગઈ છે. તબીબોના જણાવ્યા મુજબ ગળા પર દબાણ આવવાથી શ્વાસ રુંધાવાના કારણે મોત થયું હોવાનું પ્રાથમિક અનુમાન છે. ચંદ્રાબેનના લગ્ન દોઢથી બે વર્ષ અગાઉ થયા હતા અને તેઓ આઠ માસની ગર્ભવતી હતી. આવતીકાલે ફોરેન્સિક નિષ્ણાતોની ટીમ ઘટના સ્થળની મુલાકાત લઈ જરૂરી તપાસ કરશે.

બીજી ઘટનામાં અલથાણ વિસ્તારના મહાવીરનગરમાં રહેતી 45 વર્ષીય નયનાબેન દીપકભાઈ શિંદે ગુરુવાર સવારે તેમના રૂમમાં બેભાન હાલતમાં મળી આવ્યા હતા. તેમના પુત્ર ચિરાગ રૂમમાં જતા સમયે નયનાબેનના હાથમાં સોડિયમ ક્લોરાઈડની બોટલ ચઢેલી હાલતમાં જોવા મળ્યા હતા. 108 એમ્બ્યુલન્સના સ્ટાફે સ્થળ પર પહોંચીને નયનાબેનને મૃત જાહેર કર્યા હતા. પોલીસે આશંકા વ્યક્ત કરી છે કે બોટલમાં કોઈ દ્રવ્ય મિશ્રિત કરવામાં આવ્યું હતું કે કેમ, અથવા અન્ય કોઈ તબીબી કે બાહ્ય કારણથી મોત થયું છે. તે પોસ્ટમોર્ટમ દરમિયાન લેવામાં આવેલા સેમ્પલોના રિપોર્ટ બાદ જ સ્પષ્ટ થશે.

### પાંડેસરાના ડો. રાહુલ ગૌતમને ચેક રિટર્ન કેસમાં સજા

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં ધમાર્થ ક્લિનિકના નામથી દવાખાનું ચલાવતા ડો. રાહુલ રામસાગર ગૌતમને ચેક રિટર્નનાં કેસમાં એક વર્ષ કેદની સજા તથા ચેકની રકમ વાર્ષિક ૬ % વ્યાજ સાથે ચૂકવવા કોર્ટે હુકમ કર્યો હતો. ડો. રાહુલ રામસાગર ગૌતમે તેમના દવાખાને દવાની જાહેરાત માટે આવતા એમ.આર. ઓમપ્રકાશ રામપ્યારે મિશ્રા સાથે મિત્રતા હતી. તેમણે દવાખાનાના રિનોવેશન માટે ઓમ પ્રકાશ મિશ્રા પાસે એક લાખ હાથ ઉછીના રૂપિયા લીધા હતા તેની અવેજમાં આપેલો ચેક રિટર્ન થયો હતો. નાણાં ચૂકવવા ન પડે તે માટે ડોક્ટરે પાંડેસરા પોલીસ સ્ટેશનમાં એમ.આર. ઓમપ્રકાશ મિશ્રા વિરુદ્ધ વ્યાજખોરીની ફરિયાદ આપી હતી. તેમણે આપેલો ચેક રિટર્ન થતાં ઓમપ્રકાશ મિશ્રાએ આરોપી ડો. રાહુલ રામસાગર ગૌતમ વિરુદ્ધ કોર્ટમાં વકીલ વિનય શુકલા તથા સ્મીત પટેલ મારફતે ચેક રિટર્નનો કેસ કર્યો હતો

### ચૂંટણી પહેલા ભાજપમાં જૂથબંધી સપાટી પર આવવા માંડી







## બિસમાર બગીચા મુદ્દે પણ ભાજપના કોર્પો.માં વિખવાદ

**દંડક** વાણીયાવાલાએ રાંદેર ઝોનમાં બગીચામાં ઇક્વિપમેન્ટ સારા હોવાનું સામાન્ય સભામાં કહ્યું: પૂર્વ કોર્પોરેટરોએ તૂટેલાં સાધનો સાથે ફરિયાદ કરી

સુરતઃ સુરત શહેર ભાજપમાં લાંબા સમયથી આંતરિક રીતે ચાલતી જૂથબંધી હવે મનપાની આવનારી ચૂંટણી પૂર્વે ખુલ્લેઆમ બહાર આવવા લાગી હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

વર્ષ-2025ની છેલ્લી સામાન્ય સભામાં શાસક પક્ષના દંડક ધર્મેશ વાણીયાવાલાએ ઝીરો અવરની ચર્ચા દરમિયાન રાંદેર ઝોન વિસ્તારના ગાર્ડન અને તેમાં લગાવવામાં આવેલા કસરતનાં સાધનોની ભારોભાર પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, રાંદેર ઝોનમાં કુલ 38 ગાર્ડન, 28 શાંતિકુંજ અને 6 લેક ગાર્ડન આવેલાં છે અને આ તમામ ગાર્ડન સારી હાલતમાં છે. કસરતનાં સાધનો પણ યોગ્ય સ્થિતિમાં હોવાથી મોટી સંખ્યામાં નાગરિકો તેનો લાભ લઈ રહ્યા છે એવી રજૂઆત તેમણે સભામાં કરી હતી. પરંતુ દંડકના આ વખાણના 24 કલાક પણ પૂર્ણ થયા ન હતા, ત્યાં જ આ વિસ્તારનાં માજી કોર્પોરેટર ઉષા પટેલે રાંદેર ઝોનના ઝોનલ ચીફને ફોટા સાથે લેખિત ફરિયાદ મોકલી હતી.

ફરિયાદમાં અડાજણ વિસ્તારમાં આવેલા કવિ કલાપી ગાર્ડનમાં કસરતનાં સાધનો તૂટેલાં હોવાનું જણાવાયું છે. તૂટેલાં સાધનોને કારણે નાગરિકોને અકસ્માત થવાની ભીતિ હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને તાત્કાલિક તપાસ તથા રિપેરની માંગ કરવામાં આવી છે. એક તરફ પાલિકાની સામાન્ય સભામાં શાસક પક્ષના દંડક રાંદેર ઝોનના ગાર્ડન અને સુવિધાઓનાં વખાણ કરી રહ્યાં છે, જ્યારે બીજી તરફ એ જ ઝોનના માજી કોર્પોરેટર તૂટેલાં સાધનોના પુરાવા સાથે ફરિયાદ કરી રહ્યા છે. આ પરસ્પર વિરોધાભાસી દાવાઓને કારણે ભાજપની આંતરિક જૂથબંધી ખુલ્લી પડી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

રાજકીય વિશ્લેષકોના મતે તાજેતરમાં થયેલા ભાજપનાં સંગઠાત્મક ફેરફારો બાદ જૂનાં અને નવાં જૂથો વચ્ચે સમન્વય ન બેસતાં એકબીજાને પરોક્ષ રીતે નિશાન બનાવવાની પ્રવૃત્તિ શરૂ થઈ છે. મનપાની ચૂંટણી નજીક આવતાં આવી ઘટનાઓ શાસક પક્ષ માટે અસહજ પરિસ્થિતિ ઊભી કરી શકે છે અને સંગઠનની એકતાના દાવાઓ પર પણ સવાલ ઊભા કરી રહી છે.

### ડુમસ કિનારે 1 કરોડના ખર્ચે રેસ્ટ હાઉસ બનાવાશે

સુરતઃ તત્કાલીન વન અને પર્યાવરણ વિભાગના મંત્રી મુકેશ પટેલને ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઈએ તેમના મત વિસ્તારમાં સમાવિષ્ટ દક્ષિણ ગુજરાતના સુપ્રસિદ્ધ પર્યટન સ્થળ ડુમસ ખાતે આધુનિક વિશ્રામ ગૃહ (રેસ્ટ હાઉસ) બનાવવા રજૂઆત કરી હતી. જેને લઈ હવે વન અને પર્યાવરણ વિભાગ દ્વારા અંદાજિત 1.11 કરોડથી વધુના ખર્ચે વિશ્રામ ગૃહ (રેસ્ટ હાઉસ) બનાવવાની મંજૂરી મળી હોય, તેનો ખાતમુહૂર્ત કાર્યક્રમ આગામી દિવસોમાં સી.આર.પાટીલના હસ્તે તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં આયોજિત કરવામાં આવશે તેવું સંદીપ દેસાઈએ જણાવ્યું હતું.

## વકીલમંડળનીનવીટીમસામેઅનેકપડકાર

**આર્થિક** રીતે નબળા વકીલોને સારા નરસા પ્રસંગે સહાય આપવાનો મુદ્દો પણ ઉકેલવો પડશે

**કોર્ટ** બિલ્ડિંગની જગ્યાના પ્રશ્ન સાથે સ્ટેટ બાર કાઉન્સિલની ચૂંટણી માટે બરોબર કસોટી થશે

સુરતઃ સુરત જિલ્લા વકીલમંડળની નવી ટીમ આવતીકાલે ચાર્જ સંભાળી રહી છે. ત્યારે આ ટીમ સામે અનેક પડકારો પણ છે. આ સાથે આગામી સ્ટેટ બાર કાઉન્સિલની ચૂંટણીમાં સુરત જિલ્લા વકીલમંડળની આ નવી ટીમની બરોબર કસોટી થશે. કોર્ટ બિલ્ડિંગ માટે જીયાવ-બુડિયાને બદલે વૈકલ્પિક જગ્યા માટે લાંબા સમયથી વકીલોની માંગ રહી છે. પરંતુ હજુ સુધી સરકાર તરફથી આ મુદ્દે કોઈ જ નિર્ણય લેવાયો નથી. ભૂતકાળમાં સુરત જિલ્લા વકીલમંડળના પ્રમુખ રહી ચૂકેલા ઉદય પટેલે કોર્ટ બિલ્ડિંગની જગ્યા માટે ભારે પ્રયાસો કર્યા હતા. આજે તેઓ ફરીથી પ્રમુખ તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે ત્યારે સુરત જિલ્લા ન્યાયાલય માટે વૈકલ્પિક જગ્યા મેળવવા માટેનું પણ દબાણ રહેશે. સુરત જિલ્લા વકીલમંડળની આ નવી ટીમની ખરેખર કસોટી સ્ટેટ બાર કાઉન્સિલની ચૂંટણી વખતે થશે. સ્ટેટ બાર કાઉન્સિલની આગામી માર્ચ મહિનામાં ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે સુરત જિલ્લા વકીલમંડળના ઘણા સભ્યો ચૂંટણી લડવા માટે ઉત્સાહિત છે ત્યારે સુરત જિલ્લામાં મંડળે આ સ્ટેટ બાર કાઉન્સિલની ચૂંટણીના મુદ્દે સ્ટેન્ડ લેવાનું પણ દબાણ રહેશે.

આજે સુરત જિલ્લા વકીલમંડળ પાસે અંદાજે સાડા ચાર કરોડ રૂપિયાનું ભંડોળ છે. ત્યારે આર્થિક રીતે નબળા વકીલોને સારા નરસા પ્રસંગે સહાયભૂત થવા માટેની અપેક્ષા વકીલો રાખી રહ્યા છે. અન્ય જિલ્લાના વકીલમંડળ દ્વારા કુંવરબાઈનું મામેરા તરીકે દીકરીને ૫૦,૦૦૦ તેમજ વકીલના અકસ્માત મૃત્યુમાં એકથી પાંચ લાખ રૂપિયા સુધીની સહાય આપી રહ્યા છે. આ અંગે સુરત જિલ્લા વકીલમંડળની નવી ટીમે એક કમિટી બનાવવાનું દબાણ પણ રહેશે.

આ સાથે હાલ કોર્ટ બિલ્ડિંગના કેટલાક પ્રાથમિક સુવિધાના પ્રશ્નો પણ છે. જેમ કે, પાર્કિંગનો પ્રશ્ન અને જરૂરિયાતની સુવિધાનો અભાવ સહિતના પ્રશ્નો મુદ્દે સુરત જિલ્લા વકીલમંડળની નવી ટીમે કામ કરવું પડશે.

### સુરતના વકીલોએ કેમ વિરોધ કર્યો?

- નવું સ્થળ શહેરની સીમા બહાર છે અને ત્યાં પ્રવાસ કરવો મુશ્કેલ રહેશે.
- આ જગ્યાનો વિસ્તાર ઔદ્યોગિક ઝોન છે અને ત્યાંની હવામાન અને પર્યાવરણ સ્થિતિ ન્યાયિક પ્રવૃત્તિઓ માટે અનુકૂળ નથી.
- વકીલોએ માંગ કરી છે કે અસ્તિત્વમાં આવેલી કોર્ટ જગ્યા આસપાસ સરળ રીતે વિસ્તાર કરવામાં આવે અથવા અન્ય શહેરની અંદર યોગ્ય સ્થાન શોધવામાં આવે. જેથી સામાજિક અને વ્યવસાયિક પ્રવૃત્તિઓ સરળ રહે.
- વકીલો દ્વારા અનેક આંદોલનો કરવામાં આવ્યાં હતાં. વકીલોએ પગયાત્રા યોજી, મેમોનેન્ડમ સબમિટ કર્યાં અને સ્થાનિક સત્તાવાળા અધિકારીઓ સાથે મુલાકાત કરી પોતાના સ્થાને માંગ રજૂ કરી હતી.

### ન્યાયાલય માટે જમીન જીયાવ-બુડિયા ગામે ફાળવવામાં આવી

સરકાર દ્વારા નવા જિલ્લા ન્યાયાલય કોમ્પ્લેક્સ માટે જમીન જિયાવ-બુડિયા ગામે ફાળવવામાં આવી છે, જે શહેરથી લગભગ 10-15 કિમી દૂર સચિન GIDC પાસે છે.

## કો-ઓપ્ટ સભ્યોની નિમણૂક મૂદ્દે કારોબારી વકીલો લડી લેવાનાં મૂડમાં

**પસંદગીના** સભ્યોને લેવાનું બંધ કરવા નવા કારોબારી સભ્યોનો લેટર બોંબ

સુરતઃ આજે બપોર બાદ સુરત જિલ્લા વકીલ મંડળના ચૂંટાયેલા કારોબારી સભ્યો ભાવિન હિરપરા, સચિન પટેલ સહિતના સાત સભ્યોએ વકીલ મંડળના પ્રમુખને એક પત્ર પાઠવી જણાવ્યું હતું કે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના નિયમ મુજબ ચૂંટણી પ્રક્રિયા કરવામાં આવે છે અને ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન હોદ્દેદારો અને કારોબારી સભ્યો ચૂંટવામાં આવે છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના નિયમો મુજબ અલગથી એટલે કે ઈલેક્ટેડ સિવાયના સિલેક્સન કરી કમિટી સભ્યો બનાવવા અંગેના કોઈ નિયમો નથી. જેથી નિયમોની ઉપર વટ જઇ કહેવાતી પ્રથાને ધ્યાને લઈ કોઈ પણ પ્રકારની કમિટીઓ ન બનાવવા રજૂઆત કરી હતી. આ લેટરને પગલે સુરત જિલ્લા વકીલ મંડળમાં ઘમાસાણ મચી ગઈ છે. હવે જોવાનું એ રહેશે કે આવતીકાલે પદગ્રહણ સમારોહમાં શું લટકો ફટકો થાય છે.